ગાંધીનગર સમાચાર
તા. ૮-૨-૨૦૧૨, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### નરેન્દ્રભાઇનો દ્રઢ સંકલ્પ : દિલ્હી, ગાંધીનગર અને પ્રયાગનો ત્રિવેણી સંગમ

ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિશ્વ હિન્દુ પરિષદના નેજા હેઠળ કુંભનગરીમાં મળેલ સંત સંમેલનમાં હાજરી આપવાનું ટાળીને નવી દિલ્હી ખાતે શ્રીરામ કૉમર્સ કૉલેજના યુવાન વિદ્યાર્થીઓને સંબોધન કરવાનો વિકલ્પ સ્વીકાર્યો તે ભલે એમની ગણતરીપૂર્વકની રાજકીય ચાલ હોય તો પણ દાદ માગી લે એવો નિર્ણય છે. એમણે રાજનાથસિંહને કુંભમેળામાં મોકલી પોતે રાજધાનીના પોશ વિસ્તારમાં આવેલી ખૂબ જાણીતી વિદ્યાસંસ્થાની મહેમાનગતિ માણવાનું પસંદ કર્યું. આ રીતે એમણે એક કાંકરે બે પક્ષી મારી બતાવ્યાં છે. રાજનાથ સિંહ સંતોની સભામાં હાજરી આપી પક્ષ ફરી પાછો રામમંદિર અને કટ્ટર હિંદુત્વના એજંડાના મુદ્દે ૨૦૧૪ની ચૂંટણી લડવા તત્પર હોવાની ખાતરી આપે અને પોતે દેશના પાટનગરમાં યુવાનો વચ્ચે એકવીસમી સદીનું નેતૃત્વ કરવાની ક્ષમતા ધરાવતા મહાન દેશનાં સંભવિત સૂત્રધાર તરીકે રજૂ થાય - એવી વ્યૂહરચના એમનાં ફળદ્રુપ ભેજા સિવાય બીજા કોને સૂઝવાની હતી?

શ્રીરામ કોમર્સ કૉલેજમા વ્યાખ્યાન આપવા જતાં પૂર્વે નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન મનમોહનસિંહને મળીને ગુજરાતના પડતર પ્રશ્નોની ચર્ચા કરી હતી અને નર્મદાની કેનાલો માટેનાં નાણાંની ફાળવણી માટેની માગણી મૂકી હતી. મનમોહનસિંહ સાથે ગુફતેગો કરતાં નરેન્દ્ર મોદીની 'બૉડી લૅન્ગવેજ' ઝીણવટપૂર્વક નીરખનારને લાગ્યા વગર ન રહે કે આ ઝુઝારૂ નેતાએ હવે દિલ્હીનાં વિદ્યાર્થીઓને કરેલું સંબોધન તે હકીકતમાં એમનાં વડાપ્રધાન બનવા માટેનો ચૂંટણી-મેનિફેસ્ટો કે ઢંઢેરો જ હતો. એમને ગુજરાતે અને ગુજરાતની પ્રજાએ એમના નેતૃત્વકાળમાં જે નોંધપાત્ર હરણફાળ ભરી છે એનો ઉલ્લેખ કરીને ગુજરાતની જેમ દેશ આખો પણ એવી જ પ્રગતિ કરી શકે, એકવીસમી સદીનું - જ્ઞાનની સદીનું સક્ષમ નેતૃત્વ કરી શકે, એ મુદ્દે સંકલ્પબધ્ધ થવા હાકલ કરી હતી. યુવાધનને આકર્ષીને વિકાસનાં રાજમાર્ગ પર અગ્રેસર થવાની વાત કરનારા નરેન્દ્ર મોદી કુંભનગરીમાં ભેગા થયેલા સાધુસંતો માટે હિંદુત્વના પ્રતીકપુરૂષ છે. વિશ્વ હિંદુ પરિષદના પ્રમુખ અશોક સિંઘલે તો એમને પંડિત જવાહરલાલ નહેરૂ જેટલા લોકપ્રિય નેતા ગણાવી વેળાસર એમનું નામ વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર કરવાનો અનુરોધ પણ કર્યો છે. અલબત્ત, એમને રાષ્ટ્રીય મહામંત્રી ડૉ. પ્રવીણ તોગડીયા સાથેનાં મોદીના તંગ સંબંધો જરૂર આડખીલીરૂપ બની રહ્યાં છે. પરંતુ આખરે ઘીના ઠામમાં ઘી પડી જાય એવી ગોઠવણ થઈ જશે, એવી શક્યતા વરતાઈ રહી છે. ભારતીય જનતા પાર્ટી એના સાથી પક્ષોની નારાજગી વહોરીને પણ એના મૂળ એજન્ડા તરફ પાછી વળવા માગે છે તે સ્પષ્ટ થઈ ચૂક્યું છે, નરેન્દ્રભાઈને શુભેચ્છાઓ!

# એનએસયુઆઈમાં ઉમેદવારો આજે ઉમેદવારીના ફોર્મ ભરશે

## વિદ્યાર્થી સેનેટની ચુંટણી માટે એબીવીપીના ઉમેદવારોએ ફોર્મ ભર્યા :૨૪મીના દિવસે સેનેટની ૮ બેઠકોની ચૂંટણી

અમદાવાદ, તા.૭

ગુજરાત યુનિવર્સિટીમાં આગામી ૨૪ ફેબ્રુઆરીએ યોજાનાર વિદ્યાર્થી સેનેટની આઠ બેઠકોની માટેની ચુંટણીને લઈ માહોલ ગરમાયો છે. જેમાં શહેરના બન્ને વિદ્યાર્થી સંગઠનો સેનેટની બેઠકો પોતાના ખોળામાં નાખવા માટે કમર કસી લીધી છે. જેના ભાગરૂપે ગુરુવારે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના આઠ વિદ્યાર્થીઓએ ઉમેદવારી ફોર્મ નોંધાવ્યા છે.

જ્યારે એનએસયુઆઈના ઉમેદવારો શુક્રવારે પોતાના ઉમેદવારી ફોર્મ ભરશે.રાજ્યમાં ઠંડીના ચમકારા વચ્ચે ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટની ચુંટણીને લઈને માહોલ ગરમાયો છે. યુનિવર્સિટી વહીવટીતંત્ર દ્વારા ૨૪મી ફેબ્રુઆરીએ વિદ્યાર્થી સેનેટની લાંબાગાળાની ખાલી પડેલ આઠ બેઠકો માટે ચુંટણી યોજવાની જાહેરાત કરવામાં આવી છે. જેના ભાગરૂપે શહેરના બન્ને મુખ્ય વિદ્યાર્થી સંગઠનો એબીવીપી અને એનએસયુઆઈ પોતાના સમર્થનવાળા ઉમેદવારોને જીતાડવા માટેની મથામણ હાથ ધરી છે. જેના ભાગરૂપે ગુરુવારે એબીવીપીના આઠ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે. જેમાં અન્ડર ગ્રેજ્યુએટ કોમર્સ વિભાગની બેઠક ઉપરથી જીમીત શાહ, અન્ડર ગ્રેજ્યુએટ આર્ટસ વિભાગની બેઠક ઉપરથી નિરવ અલ્ગોતરા, અન્ડર ગ્રેજ્યુએટ સાયન્સ વિભાગની બેઠક ઉપરથી નિધી દવે ઉમેદવારી કરશે. જ્યારે પોસ્ટ ગ્રેજ્યુએટ સાયન્સ વિભાગની બેઠક ઉપરથી નરેશ દેસાઈ, પોસ્ટ ગ્રેજ્યુએટ કોમર્સ વિભાગની બેઠક ઉપરથી પૃથ્વીરાજ પંડ્યા, પોસ્ટ ગ્રેજ્યુએટ આર્ટસ વિભાગની બેઠક ઉપરથી બ્રિજેશ ચાવડાએ ઉમેદવારી નોંધાવી છે. તો લો વિભાગની બેઠક ઉપરથી પરાગ વાઢેરા બીએડ વિભાગની બેઠક ઉપરથી મુકુંદ પટેલે ઉમેદવારી નોંધાવી છે. જ્યારે બીજી બાજુ અન્ય વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ શુક્રવારે પોતાના ઉમેદવારો જાહેર કરશે.

યુનિવર્સિટીના વિદ્યાર્થી સેનેટની ચૂંટણીમાં એબીવીપી અને એનએસયુઆઈના ઉમેદવાર ઉપરાંત મોટી સંખ્યામાં અપક્ષ ઉમેદવારો પણ ઉમેદવારી નોંધાવે તેવી શક્યતાના પગલે આવનાર દિવસોમાં વિદ્યાર્થી સેનેટનો ચૂંટણી જંગ રસપ્રદ બની રહે તેવી શક્યતા છે.

## ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ કૉલેજનો વાર્ષિકોત્સવ

ઉમા આર્ટ્સ અને નાથીબા મહિલા કૉલેજમાં ૨૧મી વાર્ષિકોત્સવ તથા ઈનામ વિતરણ યોજવામાં આવ્યું હતું. ૬૦ જેટલાં વિદ્યાર્થીનીઓને પૂ. છગનભા રૌપ્ય ચંદ્રકો એનાયત કરાયા હતા. વાઈસ ચેરમેન ડૉ. કનુભાઈ પટેલે અધ્યક્ષ સ્થાને પ્રવચનમાં જણાવ્યું હતું કે, ઉત્તમ સ્વાસ્થ્ય, શિસ્ત, નેતૃત્વ શક્તિ, ચારિત્ર્ય ઘડતરમાં ભાર મુક્યો હતો. સાહિત્યકાર મોહન પટેલ, ડી.ટી. કાપડિયા ઉપસ્થિત રહ્યાં હતા.

આચાર્યા ડૉ. અમૃતાબેન પટેલે માહિતી આપી હતી. ડૉ. કિર્તીકમલ વાઘેલાએ સંચાલન કર્યું હતું. પ્રા. ફાલ્ગુની બહેન પટેલ, પ્રા. જયોતિબહેન પંચાલ, પ્રૉ. પાયલ બહેન પંડ્યા, પ્રૉ. હરેશભાઈ પટેલે કાર્યક્રમ બનાવવા મહેનત કરી હતી.



ચલ ચેલા, જલદી સ્નાન કરી પોતડી પહેરીને ભાગો... અહીં રાજકારણનાં દીગ્ગજો આવી રહ્યા છે...!!

## કરાટેમાં ગોલ્ડ મેડલ મેળવતી કુ. લિપ્સી ભટ્ટ

ગાંધીનગર, તા. ૭

ઈન્ડિયા વાડોકાઈ ૧૦મી ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશીપમાં ગાંધીનગરની કુ. લિપ્સી ભટ્ટે તાજેતરમાં ગોલ્ડમેડલ અને સિલ્વર મેડલ મેળવી શાળા તથા સમાજનું ગૌરવ વધાર્યું છે.



વડોદરા ખાતે તાજેતરમાં ઈન્ડિયા વાડોકાઈ ૧૦મી ઈન્ટરનેશનલ કરાટે સ્પર્ધા યોજાઈ હતી. ગાંધીનગરની હિલવુડ સ્કૂલની કુ. લિપ્સી કેતનભાઈ ભટ્ટે કાંતામાં સિલ્વર મેડલ અને કુમિતમાં ગોલ્ડ મેડલ મેળવ્યા છે. ૧૨ થી ૧૩ વર્ષ માટેની આ સ્પર્ધામાં લિપ્સી ભટ્ટનો હિલવુડ શાળા અને ૮૩૫ ત્રિવેદી બ્રહ્મસમાજ ડાકોર તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# સરસ્વતી વિદ્યાલયમાં કુદરતી આફતમાં બચાવ અંગે નિદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૬-બી માં આવેલી સરસ્વતી વિદ્યાલયમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી તથા ફાયર ઓફિસર ગાંધીનગરના સહયોગથી કોઈપણ કુદરતી આફત અંગે જાનહાની અને માલહાનીના બચાવ અંગેનું પ્રત્યક્ષ નિદર્શન તજજ્ઞો દ્વારા યોજાયું હતું.

કુદરતી આફત જેવી કે આગ લાગવી, પૂર આવવું, ભૂકંપ આવવો વગેરે સમયે તાત્કાલિક બચાવ કેવી રીતે કરવો તેના માટે કઈ સાવધાનીઓ રાખવી અને તેના ઉપર કાબુ કેવી રીતે મેળવવો તેની સમજૂતી અપાઈ હતી.

શાળામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી તથા ફાયર ઓફિસર ગાંધીનગરના સહયોગથી કોઈ પણ કુદરતી આફત જેવી કે આગ લાગવી, પુર આવવું, ભૂકંપ આવવો વગેરે સમયે તાત્કાલિક બચાવ કેવી રીતે કરવો તેના માટે સાવધાનીપૂર્વક શું પગલાં લઈ હોનારત કેવી રીતે કાબુ મેળવવો તથા હોનારતથી સૌથી ઓછું નુકશાન કેવી રીતે થાય તેની સમજ તથા લાઈવ ડેમોસ્ટ્રેશન કર્યું હતું.

ફાયર ઓફિસરો દ્વારા આગ લાગવાના મુખ્ય ત્રણ સંવાહકો હવા, વસ્તુ અને ગરમી (તણખો)ની સમજ આપી આ ત્રણેયને અલગ કરી આગ પર કેવી રીતે કાબુ મેળવી શકાય તેનું પ્રાયોગિક નિદર્શન કરી બતાવવામાં આવ્યુ ંહતું. જ્યારે આગ તેલ કે પેટ્રોલીયમ પદાર્થ કે સીએનજી કે એલજીપીમાં આગ લાગે ત્યારે પાણીનો ઉપયોગ કરવાથી શું નુકશાન થાય છે તથા તે વખતે રેતી કે અન્ય સાધનો દ્વારા આગ ઉપર કેવી રીતે કાબુ મેળવી શકાય તેનું સુંદર પ્રાયોગિક નિદર્શન કરી બતાવવામાં આવ્યું હતું. પૂર જેવી હોનારત વખતે તરતા ન આવડતું હોય તો તમારા ઘરમાં ખાલી બોટલ કે પ્લાસ્ટીકનો કેરબા વડે કેમ બચી શકાય તેની પણ સરસ સમજ આપવામાં આવી હતી.

બાળકોએ કોઈ પણ કુદરતી કે કૃત્રિમ આફત સમયે સંયમપૂર્વક બચાવ કરવો તે માટે જાણકારી મેળવી હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. આ સમયે ઉપસ્થિત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી ના પ્રોજેક્ટ ઓફિસર વર્ષાબેન પટેલ, ફાયર ઓફિસર શેખભાઈ તથા તેમની ટીમ તથા કેળવણી નિરીક્ષક ચંદુભાઈ પટેલનો આ કાર્યક્રમ સફળ બનાવવા તથા યોજવા માટે કરેલ પ્રયત્ન માટે શાળા પરિવારે હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## સામાન્ય જ્ઞાન કસોટીમાં કોબા હાઈસ્કૂલની કુ. નિધિ સુથાર ઝળકી

ગાંધીનગર, તા. ૭

વિકાસ વર્તુળ ભાવનગર દ્વારા



સામાન્ય જ્ઞાન બુધ્ધિ કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં ૧૫,૪૪૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૧૦૧ વિદ્યાર્થીઓને રાજય કક્ષાએ પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં જી.ડી. એમ. તથા કોબાની વિદ્યાર્થીની કુ. નિધિ શૈલેષભાઈ સુથારે ૮૩.૭૫% પ્રાપ્ત કરી પસંદ પામી છે. જેથી રાજયમાં શાળા, ગામ અને ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધાર્યુંછે. અશ્વિનભાઈ દિવકરે માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય વી.એમ. પટેલ તથા કેળવણી મંડળને શાળા પરિવારે અભિનંદન પાઠવેલ છે.

## ડર્મૉકોન-૨૦૧૩ની સફળતા બદલ અભિનંદન

ગાંધીનગર, તા. ૭

ઈન્ડિયન એસોસિએશન ઓફ ડર્મેટોલોજીસ્ટ વીનેરીઓલોજીસ્ટ અને લેપ્રોલોઝીસ્ટ દ્વારા અમદાવાદ ખાતે તાજેતરમાં ડર્માકોન-૨૦૧૩ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં ૬૦૦૦ જેટલા ચર્મરોગ નિષ્ણાંતોએ ભાગ લીધો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જે બદલ દેશભરમાંથી કોન્ફરન્સના ચેરમેન ડૉ. સુરેશ જોષીપુરા અને સેક્રેટરી ડૉ. રંજન રાવલ અને ડૉ. કેયુર શાહને અભિનંદનની વર્ષા થઈ છે.

દુનિયાભરમાંથી આવેલા વિશેષજ્ઞોએ આ કોન્ફરન્સને અમેરિકામાં યોજાયેલ ચામડીના નિષ્ણાંતોની કોન્ફરન્સ સમક્ષ ગણાવી હતી. અને તેને માટે દેશભરમાંથી કોન્ફરન્સના ચેરમેનને અભિનંદનની વર્ષા થઈ હતી. કોન્ફરન્સમાં ચામડીના અલગ અલગ રોગ વિશે તજજ્ઞોએ માર્ગદર્શન આપ્યુ ંહતું. જેમાં કોસ્મેટોલોજી, સોરીયાસીસ, સફેદ દાગ, ખીલ, વાળના રોગ વગેરે મુખ્ય રહ્યા હતા. સાયન્ટીફિક કમિટિના ચેરમેન ડૉ. મારફતીયા, ડૉ. બેલા શાહ અને ડૉ. ક્રિના પટેલે જહેમત ઉઠાવી હતી. યુ.કે., ઓસ્ટ્રેલિયા, કોરીયા, દુબઈથી આવેલા તજજ્ઞોના પ્રત્યક્ષ માર્ગદર્શનો દ્વારા કોસ્મેટીક સર્જરી, યુવાન ડર્મેલોજીસ્ટ દ્વારા કરવામાં આવેલા આ વર્કશોપમાં ડૉ. જનક ઠક્કર, ડૉ. સખીયા અને ડૉ. આરતી શાહે પણ પ્રસંસનીય સેવા આપી હદતી. કોન્ફરન્સના અંતિમ દિવસે ચામડીના રોગ વિશે યોજાયેલી પરિસંવાદમાં ૫૦૦ થી વધારે લોકોએ પ્રશ્નોત્તરી કરી ચામડીના રોગ વિશે માર્ગદર્શન મેળવ્યું હતું.

## ગુજરાત સાહિત્ય અકાદમી અને ગાંધીનગર સાહિત્ય સભાના સંયુકત ઉપક્રમે ૧૦મીએ સાહિત્યિક પરિસંવાદ

ગાંધીનગર, તા.૭

ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર હર્ષદ ત્રિવેદી અને ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ દોલત ભટ્ટે એક સંયુકત યાદીમાં જણાવ્યું છે કે તા.૧૦મી ફેબ્રુઆરી ૨૦૧૩ને રવિવારે સવારે ૧૦થી સાંજે ૫.૩૦ કલાક દરમિયાન સાહિત્યિક પરિસંવાદ યોજાશે. સાહિત્યિક પરિસંવાદમાં જાણીતા સાહિત્યકારો, તજજ્ઞ વકતાઓ અને સાહિત્ય પ્રેમીજનો ખાસ હાજરી આપશે.

ગુજરાત સાહિત્ય અકાદમી અને ગાંધીનગર સાહિત્ય સભાના સંયુકત ઉપક્રમે ૧૦મી ફેબ્રુઆરીએ શ્રી બ્રહ્માણી કૃપા હોલ, ફાર્મસી કોલેજ કમ્પાઉન્ડ, કડી સર્વ વિદ્યાલય કેમ્પસ, ગેટ નં.૧, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે સાહિત્યિક પરિસંવાદ યોજાશે. સાહિત્યિક પરિસંવાદની પ્રથમ બેઠકમાં ગાંધીનગર સાહિત્યસભાના મંત્રી નટવર હેડાઉ સંસ્થા પરિચય આપી સ્વાગત પ્રવચન કરશે તથા પ્રમુખ દોલત ભટ્ટ મહેમાનોનું સ્વાગત કરશે.

નિવૃત્ત આઈ.એ.એસ. વી.એસ. ગઢવી સવારે ૧૧ કલાકે લોક સાહિત્યમાં વ્યકત થયેલી સંવેદના વિશે વકતવ્ય આપશે તથા જાણીતા સાહિત્યકાર ભાગ્યેશ જહા-આઈ.એ.એસ. સંસ્કૃત સાહિત્ય દ્વારા વ્યકત થયેલી સંવેદનાઓ વિશે મનનીય વકતવ્ય આપશે. પ્રથમ બેઠકની આભારવિધિ સુરેશભાઈ ભટ્ટ કરશે. બીજી બેઠક બપોરે ૧ થી ૩ કલાક દરમિયાન મળશે. પ્રથમ ભરત કવિ 'ઊર્મિલ' મહેમાનોનું સ્વાગત કરશે. બપોરે ૩ કલાકે જાણીતા અભિનેતા અને પીઢ કલાકાર ઉપેન્દ્ર ત્રિવેદી 'રંગભૂમિ અને ગુજરાતી ફિલ્મમાં વ્યકત થયેલી સંવેદના' વિશે વકતવ્ય આપશે તથા તખતદાન રોહડિયા 'દાન અલગારી' 'ચારણી સાહિત્યમાં વ્યકત થયેલી સંવેદના' વિષયે રસપ્રદ વકતવ્ય આપશે. સાંજે ૫ કલાકે સમાપન બેઠક યોજાશે. જેમાં મૂળજીભાઈ પરમાર 'દધિ' આભારવિધિ કરશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનોજ શુકલ કરશે.


સેક્ટર-૬ની સરસ્વતી વિદ્યાલય ખાતે ફાયરસેફટી અંગે વિદ્યાર્થીઓને સમજ આપતા વિવિધ ડેમોસ્ટ્રેશન ગાંધીનગર ફાયર બ્રિગેડ દ્વારા યોજવામાં આવ્યા હતા તે પ્રસંગે લેવાયેલ તસવીર.

# બેસ્ટ કેડેટસને રાજયપાલશ્રીના ચંદ્રકો એનાયત કરાયા





ગાંધીનગર, તા.૭

ગુજરાતના રાજયપાલ ડો. શ્રીમતી કમલાજીએ નવી દિલ્હીમાં યોજાયેલ ૬૪મા પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં ભાગ લઈ વિશિષ્ટ પ્રદર્શન કરનાર ગુજરાત એન.સી.સી.ના છાત્રોનું સન્માન કર્યું હતું. રાજયપાલશ્રીએ 'બેસ્ટ કેડેટસ' તરીકે જાહેર કરાયેલ વિદ્યાર્થીઓને રાજયપાલશ્રીના ચંદ્રકો એનાયત કર્યા હતા.

ડો. શ્રીમતી કમલાજીએ જણાવ્યું હતું કે નવી દિલ્હીમાં આયોજિત પ્રજાસત્તાક દિન પરેડમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ આ સંગઠનને ગૌરવાન્વિત કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાત એન.સી.સી.ના ઈતિહાસમાં પ્રથમવાર કેડેટ શાલિની જોષીએ દિલ્હીમાં ૨૬મી જાન્યુઆરીના રોજ આયોજિત પરેડમાં સમગ્ર ભારતના એન.સી.સી. દળનું નેતૃત્વ કર્યું હતું. જે સૌના માટે આનંદ અને ગૌરવની વાત છે.

તેમણે જણાવ્યું હતું કે એન.સી.સી. સંગઠનનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોની આંતરિક શકિતઓને ઉજાગર કરી દેશની પ્રગતિના કાર્યોમાં જોડવાનો છે તથા રાષ્ટ્રપ્રેમ, નિ:સ્વાર્થ સેવા ભાવના, કર્તવ્ય પરાયણતા, વ્યકિતગત વિકાસ થકી ભાતૃત્વ ભાવ, અનુશાસન, શાલિનતા ચરિત્રશીલતા, સેવા ભાવના વગેરે ગુણોનું સિંચન કરી તેમને રાષ્ટ્રના જવાબદાર નાગરિક બનાવવાનો છે.

ગુજરાત એન.સી.સી.ના છાત્રો દ્વારા વર્ષ દરમિયાન હાંસલ કરેલ વિવિધ સિદ્ધિઓને રાજયપાલશ્રીએ બિરદાવી હતી.

પ્રારંભમાં એન.સી.સી. ગુજરાતના અધિક મહાનિર્દેશક મેજર જનરલ દિલાવરસિંહે રાજયપાલશ્રીનું સ્વાગત કર્યું હતું અને સંગઠનની પ્રવૃત્તિઓ અને વિકાસ યોજનાઓની વિગતો આપી હતી

આ પ્રસંગે એન.સી.સી.ના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. સમારોહમાં ગુજરાત એન.સી.સી. તથા સેનાના વરિષ્ઠ અધિકારીઓ, વાલીગણ તેમજ અન્ય ઉચ્ચાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

